ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

## પ્રધાનમંત્રી મોદીની અમેરિકા યાત્રા ગાંધીનગરને ફળી

# ગીફ્ટ સીટીમાં ગુગલ ગ્લોબલ ફીનટેક ઓપરેશન સેન્ટર સ્થાપશે

### ગૂગલ ગીફ્ટસીટીમાં ગ્લોબલ ફિનટેક ઓપરેશન સેન્ટર શરૂ કરી ૨.૧ લાખ કરોડનું રોકાણ કરશે : યુએસ વિઝા કોન્સોલેટનો પ્રારંભ પણ ગીફ્ટસીટીમાં થશે : રોકાણકારો માટે મોટુ હબ બનતુ ગીફ્ટસીટી

ગાંધીનગર, તા. ૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો અમેરિકા પ્રવાસ ભારતને અને તેમાંય ગાંધીનગરને ખૂબ ફળ્યો છે. દિગ્ગજ કંપની ગૂગલ ભારતમાં ૨.૧ લાખ કરોડનું રોકાણ કરશે અને તે માટે ગીફ્ટસીટી ખાતે ગ્લોબલ ફીનટેક ઓપરેશન સેન્ટરની શરૂઆત કરશે. આ ઉપરાંત ગીફ્ટસીટીમાં યુએસ વિઝા કોન્સોલેટનો પ્રારંભ થશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમેરિકાના પ્રવાસ પર છે. અહીં ત્રણ દિવસ દરમ્યાન અનેક મુદ્દાઓ પર નિર્ણય લેવાયા હતા. જે પૈકી ઘણા મુદ્દાઓ બાબતે ગુજરાત અને ગુજરાતીઓનો ફાયદો થાય તેવા નિર્ણયો લેવાયા હતા. ગુજરાતીઓની અમેરિકા જવાની ઘેલછા ખુબ જાણીતી છે. અમેરિકાના વીઝા માટે હવે ગુજરાતીઓને મુંબઈ સુધી લાંબા નહી થવુ પડે. યુએસ વિઝા કોન્સ્યુલેટનું નવુ સેન્ટર ટૂંક સમયમાં જ ગાંધીનગરના ગીફ્ટસીટી ખાતે શરૂ થશે. આ ઉપરાંત એચ-૧બી વિઝા રીન્યુ કરાવવા અમેરિકાની બહાર નહી જવુ પડે. અમેરિકામાં જ તેને રીન્યુ કરી શકાશે.

દિગ્ગજ કંપની ગુગલ ભારતમાં રોકાણ કરશે. આ માટે ગીફ્ટસીટીમાં ગ્લોબલ ફીનટેક કંપની ખોલવાની જાહેરાત કરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૧ થી ૨૩ જૂન દરમિયાન અમેરિકાના ત્રણ દિવસીય રાજકીય પ્રવાસ પર હતા. આ દરમિયાન તેઓ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન, વાઈસ પ્રેસિડન્ટ કમલા હેરિસ અને અમેરિકાના અન્ય અગ્રણી નેતાઓ તેમજ યુએસની દિગ્ગજ કંપનીઓના ટોચના અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. પીએમ મોદીએ ગૂગલના ભારતીય મૂળના સીઈઓ સુંદર પિચાઈ સાથે પણ મુલાકાત કરી હતી. પીએમ મોદીને મળ્યા બાદ પિચાઈએ ગુજરાત બાબતના ગૂગલના મોટા પ્લાનની જાહેરાત કરી હતી.

ગૂગલ ભારતમાં ડિજિટાઈઝેશન માટે ૧૦ બિલિયન ડોલર (લગભગ ૮૨ હજાર કરોડ રૂપિયા)નું રોકાણ કરશે. ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ શુક્રવારે વડાપ્રધાન મોદીને મળ્યા હતા. બેઠક બાદ પિચાઈએ આ માહિતી આપી હતી. આ તરફ એમેઝોનના સીઈઓએ પીએમ મોદીને મળ્યા પછી ભારતમાં ૨૬ બિલિયન ડોલર (લગભગ ૨.૧ લાખ કરોડ રૂપિયા)ના રોકાણની વાત પણ કરી.

સુંદર પિચાઈએ કહ્યુ, 'વડાપ્રધાનને મળવું મારા માટે સન્માનની વાત છે. ગૂગલ ભારતના ડિજિટાઈઝેશન માટે ૧૦ બિલિયન

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ગરમીનો પારો ગગડયો : બફારો અસહ્ય

### સવારે હળવા વરસાદી ઝાપટાથી સેકટરોમાં ભીંજારો : વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૮૦ થી ૮૫ ટકા અસહ્ય ઉકળાટથી શહેરીજનો બેબાકળા : મેઘરાજા મુશળધાર વરસે : નભ તરફ મીટ માંડરતા નગરજનો

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ મહીનાથી નગરજનો અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. જયારે છેલ્લા કેટલાક સમયથી ગરમીનો પારો નીચે ઉતર્યો છે. ત્યારે વાદળિયા વાતાવરણ વચ્ચે ક્યારેક અલપ ઝલપ હાજરી આપતા વરસાદના લીધે શહેરમાં ભીંજારાનો માહોલ જોવા મળે છે. પરંતુ મેઘરાજાએ આજે પણ હાથતાળી આપતા નગરજનોએ આકરો બફારો સહન કરવાનો વારો આવ્યો હતો. ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૪ ડીગ્રી ગગડયો હતો પરંતુ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધુ હોવાથી નગરજનોએ આકરા ઉકળાટથી ગુંગળામણ અનુભવી હતી. ઉકળાટથી ત્રસ્ત નગરજનો હવે મેઘરાજા મુશળધાર વરસે તેની વાટ નિહાળી રહ્યા છે.

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી આકરા ઉકળાટના લીધે નગરજનો પરેશાન છે. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધતા નગરજનો આકારો બફારો અનુભવી રહ્યા છે. શહેરમાં આજે દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ રહ્યુ હતુ. જયારે સવારે સેકટરોમાં વરસાદના છુટાછવાયા વરસાદી ઝાપટા વરસ્યા હતા. જો કે વરસાદી ઝાપટના અંતે પણ ઠંડક થઈ ન હતી પરંતુ આકરા ઉકળાટથી શહેરીજનોએ પરસેવે ભીંજાવાનો વારો આવ્યો હતો. સવારે શહેરના નવા અને જુના સેકટરોમાં વરસાદી ઝાપટા વરસતા સેકટરોમાં ભીંજારનો માહોલ જોવા મળ્યો હતો. પરંતુ થોડીવારમાં જ તડકો નિકળતા વાતાવરણમાં અસહ્ય ગરમી પ્રવર્તી હતી. જયારે દિવસ દરમિયાન તડકી છાયડીના માહોલ વચ્ચે નગરજનો આકરા ઉકળાટથી બેબાકળા બની ગયા હતા. દિનભર વાદળિયુ વાતાવરણ યથાવત રહ્યુ હતુ પરંતુ વરસાદ આવ્યો ન હતો. બિપરજોય વાવાઝોડા દરમિયન શહેરમાં સુસવાટા મારતા પવન વચ્ચે વરસાદનુ જોર રહેતા નગરજનોએ બે ચાર દિવસ ઠંડક અનુભવી હતી પરંતુ છેલ્લા એક સપ્તાહથી વાતાવરણમાં દિનપ્રતિદિન ગરમીનુ જોર વધી રહ્યુ છે. આજે પણ મહત્તમ તાપમાન ૩૨.૫

● અનુસંધાન પાન-૭ પર

## આઈએમએના ડ્રીમ પ્રોજેક્ટ

# આઓ ગાંવ ચલેનું આજે સરઢવ ખાતે મુખ્યમંત્રીના હસ્તે રિ-લોન્ચીંગ

### આ પ્રસંગે આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલ, આઈએમએના પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ ડો. કેતન દેસાઈ સહિત અનેક મહાનુભાવો હાજરી આપશે : સર્વરોગ નિદાન કેમ્પમાં ૧૮ તબીબી વિદ્યાશાખાના નિષ્ણાતો સેવાઓ આપશે

ગાંધીનગર, તા. ૨૪

ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના ડ્રીમ પ્રોજેક્ટ આઓ ગાંવ ચલેનું આજે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલ તથા આઈએમએના પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ ડૉ. કેતન દેસાઈની ઉપસ્થિતિમાં સરઢવ ખાતે રિ-લોન્ચ કરવામાં આવશે.

આ પ્રોજેક્ટ અંતર્ગત ૧૮ જેટલી તબીબી વિદ્યાશાખાની બ્રાન્ચોના નિષ્ણાત તબીબો આજે યોજાયેલ સર્વરોગ નિદાન કેમ્પમાં સેવાઓ આપશે.

સરઢવ રેવાબાઈ જનરલ હોસ્પિટલ ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ગામને ગુજરાત આઈ.એમ.એ. બ્રાન્ચે દત્તક લીધુ છે અને હવે દર માસે વિવિધ નિષ્ણાત તબીબો આ પ્રોજેક્ટ અંગે ખાસ નિદાન કેમ્પોનું આયોજન કરી સારવાર આપશે.

આઓ ગાંવ ચલે પ્રોજેક્ટ ૨૦૦૩માં આઈએમએ દ્વારા લોંચ કરવામાં આવ્યો હતો પરંતુ કોરોના કાળ અને અન્ય આપદાઓને પગલે તેના અમલીકરણમાં રૂકાવટ આવી હતી.

આજે સરઢવ ખાતે આ પ્રોજેક્ટનું રિ-લોન્ચીંગ કરવામાં આવશે. આ પ્રસંગે ગુજરાત આઈએમએના અગ્રણી તબીબો પણ ખાસ ઉપસ્થિત રહેનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

# આગામી ત્રણેક દિવસમાં વિધિવત ચોમાસુ આરંભાશે

### ચોમાસુ આગળ વધ્યુ : બે દિવસમાં એમપીમાં એન્ટ્રી : ગુજરાતમાં ૨૭ કે ૨૮ના નૈઋત્યના ચોમાસાનો વિધિવત્ પ્રારંભ થઇ શકે : ગાંધીનગરમાં ઝાપટુ પડ્યુ

ગાંધીનગર, તા. ૨૪

હવામાન વિભાગની આગાહી અનુસાર હાલ રાજ્યમાં છૂટોછવાયો વરસાદ જોવા મળી રહ્યો છે. ઉત્તર ગુજરાત અને પૂવ સહિત મધ્ય ગુજરાતમાં સવારથી વરસાદ ઝાપટા જોવા મળ્યા હતા. તો ગાંધીનગર જિલ્લામાં પણ સવારથી ઝરમર વરસાદ જોવા મળી રહ્યો છે.

બીજી તરફ હવામાન અંગે આગાહી કરતી સંસ્થા સ્કાયમેટના અનુમાન અનુસાર, ગુજરાતમાં ૨૭ કે ૨૮ના નૈઋત્યના ચોમાસાનો વિધિવત્ પ્રારંભ થઈ શકે છે. ચોમાસાના પ્રારંભ સાથે જ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડે તેવી સંભાવના છે.

વાવાઝોડાની વિદાય બાદ ચોમાસાએ ગતિ પકડી છે. ધીમે ધીમે ચોમાસુ આગળ વધી રહ્યુ છે. ચોમાસાની ગતિવિધિ વધુ તેજ બનતા આગામી બે દિવસમાં જ મધ્યપ્રદેશમાં ચોમાસાનો પ્રવેશ થશે. ચોમાસાના વિધિવત આગમન પહેલા રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. ગાંધીનગરમાં વરસાદી ઝાપટા બાદ અસહ્ય બફારો અનુભવાયો હતો.

આગામી ચાર દિવસમાં દેશના ૨૦ રાજયોમાં ભારે વરસાદની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. વાવાઝોડાની અસર સમાપ્ત થયા બાદ ચોમાસાએ ગતિ પકડી છે. હવામાન વિભાગે જણાવ્યુ છે કે મધ્યપ્રદેશ, રાજસ્થાન, પંજાબ, ઉત્તરપ્રદેશ, હરિયાણા, છત્તીસગઢ, ઓડિશા, ઉત્તરાખંડ, તેલંગાણા, નાગાલેન્ડ, મણીપુર, મિઝોરમ, હિમાચલપ્રદેશ, કોંકણ-ગોવા, વિદર્ભ, તટીય આંધ્રપ્રદેશ, કોસ્ટલ કર્ણાટક, કેરળ અને તામિલનાડુમાં વરસાદ પડશે.

સાત દિવસના વિલંબ બાદ હવે ચોમાસુ આગળ વધી રહ્યુ છે. બે દિવસમાં જ ચોમાસુ મધ્યપ્રદેશ પહોંચી જશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ચોમાસુ મુંબઈ પહોંચે તેવી શક્યતા છે. મુંબઈ

● અનુસંધાન પાન-૭ પર

# સે-૧૧માં પ્રાંત કચેરીના બિલ્ડીંગના નિર્માણમાં ઉપયોગમાં લેવાતા મટીરીયલ્સનો રીપોર્ટ ફેઈલ

### નવા બિલ્ડીંગના નિર્માણ માટે ઉભા કરાયેલા કોલમ તોડી નાંખવામાં આવ્યા : એજન્સીએ ખર્ચ ભોગવવો પડશે : ૨૮ દિવસ બાદ રીપોર્ટ આવતા થયેલુ બાંધકામ દુર કરાયુ

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં સે-૧૧ ખાતે નવનિર્માણ પામતી પ્રાંત કચેરીના બિલ્ડીંગની કામગીરી દરમિયાન મટીરિયલ્સનો રીપોર્ટ ફેઈલ હોવાનુ સ્પષ્ટ થયા બાદ આખરે અયોગ્ય મટીરીયલના ઉપયોગથી ઉભા કરાયેલા ૧૦ કોલમ તેમજ તેની ઉપરનો ભાગ તોડવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. કામ કરતી એજન્સીએ આપેલા સિમેન્ટ કોંક્રીટનો રીપોર્ટ એક મહીનાના અંતે ફેઈલ આવતા હવે એજન્સીએ પોતાના ખર્ચે જ આ કામ કરવાનુ રહેશે.

રોડ રસ્તા કે બિલ્ડીંગના નિર્માણ મામલે ગુણવત્તાનુ પ્રમાણ જળવાય રહે તે માટે માર્ગ મકાન વિભાગનુ તંત્ર વિશેષ જાગૃત બન્યુ છે. ત્યારે માર્ગ નિર્માણની કામગીરી દરમિયાન પણ મટિરીયલ્સના સેમ્પલનુ ટેસ્ટીંગ કરવામાં આવે છે. જયારે બિલ્ડીંગ નિર્માણમાં પણ નિયમ મુજબ ઉપયોગમાં લેવાતા મટીરીયલ્સની ચકાસણી કરી રીપોર્ટ આપવામાં આવે છે. શહેરના સે-૧૧ માં કલેકટર કચેરીની પાછળના વિસ્તારમાં પ્રાંત કચેરીને અનુલક્ષી નવુ બિલ્ડીંગ બાંધવાની કામગીરી ચાલી રહી છે. જયારે અંદાજિત ૪ મજલાનુ બિલ્ડીંગ માટે ૧૦૪ કોલમ બાંધવા માટે આયોજન કરાયુ છે. જયારે આ કામગીરી દરમિયાન સિમેન્ટ કોંક્રીટના મટીરીયલ્સનુ પણ ટેસ્ટીંગ કરવામા આવ્યુ હતુ જયારે ૨૮ દિવસના સમયગાળા બાદ ટેસ્ટનો રીપોર્ટ ફેઈલ આવતા આખરે આ બાંધકામ તોડવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. આ કોંક્રીટ મટિરીયલ્સના આધારે ૧૦ જેટલા કોલમ ઉભા કરાયા હતા.

જયારે આ મામલે પાટનગર યોજના વિભાગને જાણ તતા તાત્કાલિક આ કામગીરી અટકાવી દેવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# કલોલમાં ઝાડા-ઉલ્ટીના વધુ ૨૭ કેસ

### કલેક્ટર અને આરોગ્યની ટીમે આજે સતત બીજે દિવસે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ પરિસ્થિતિની સમીક્ષા કરી

ગાંધીનગર, તા. ૨૪

જિલ્લાના કલોલ શહેરમાંથી ગઈકાલે મળેલા કોલેરાના કેસો પછી આજે વધુ ૨૭ કેસ ઝાડા-ઉલ્ટીના મળી આવતાં તંત્રે સર્વેલન્સની કામગીરીને વધુ સઘન બનાવી છે. આજે વધુ એક પાણીનું લિકેજ મળી આવતાં તે પણ દુરસ્ત કરવાની કામગીરી હાથ ધરાઈ છે.

આજે સતત બીજે દિવસે પણ જિલ્લા કલેક્ટર હિતેષ કોયા અને આરોગ્યના જિલ્લાના અધિકારીઓએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

તંત્રએ આજે બીજા દિવસે પણ પાણી પુરવઠો બંધ કરી અસરગ્રસ્ત વિસ્તારોમાં ન.પા. દ્વારા ટેન્કરથી પેયજળનો પુરવઠો આપવામાં આવ્યો હતો.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે ૮ દર્દીઓ જે ગઈકાલે દાખલ કરાયા હતા તેઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે ૧૩ જેટલા નવા દર્દીઓને સઘન સારવાર જરૂરી જણાતાં દાખલ કરવામાં આવ્યા છે. જેમાં સીએચસીમાં ૭, ગાંધીનગર હોસ્પિટલમાં ૫ અને અર્બન પીએચસીમાં ૧ દર્દીને દાખલ કરવામાં આવેલ છે.

તંત્રની ૩૫ ટીમોએ આજે પણ અસરગ્રસ્ત વિસ્તારના ૨૩૮૧ ઘરોનું સર્વેલન્સ કર્યુ હતુ. ૧૪૨ લોકોને કોન્ટેક્ટ સારવાર આપવામાં આવી છે. ૨૨૮૦ ઓ.આર.એસ. પેકેટ્સનું તથા ૮૨૦૦થી વધુ ક્લોરીન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ છે.

તંત્રએ આજે પણ વધુ ૬ સેમ્પલ સ્ટૂલના લઈ અને પરીક્ષણ માટે મોકલી આપેલ છે. આ ઉપરાંત વધુ ૪ નમૂના પાણીના લઈ પૃથ્થકરણ માટે મોકલી આપ્યા છે. રેસીડ્યુઅલ ક્લોરીન ટેસ્ટમાં આજે ૨૫ જેટલા નમૂના નાપાસ થયા હતા.

દરમ્યાન કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે પણ કલોલની પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી રોગચાળાને નાથવા જરૂરી પગલાં લેવા જિલ્લા કલેક્ટર સહિત સમગ્ર તંત્રને સૂચના આપી છે.

કલોલ શહેરમાં ઉદ્ભવેલી રોગચાળાની સ્થિતિને લઈ સ્ટેટ રેપીડ રિસ્પોન્સ ટીમ પણ કલોલ પહોંચી હતી અને સતત હાથ ધોવા સહિત પાણીજન્ય રોગચાળાને નાથવા માટેના જરૂરી પગલાંઓ લેવા જણાવ્યુ હતુ.

કલોલમાં આજે પણ આરોગ્યતંત્રની ટીમે ધામા નાખ્યા છે. તંત્ર દ્વારા સર્વેલન્સ સઘન બનાવવા ઉપરાંત જનજાગૃત્તિ પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. પરિસ્થિતિ ઝડપથી નિયંત્રણ હેઠળ આવી જશે તેવો વિશ્વાસ તંત્રના અંતરંગ સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

## પેથાપુરમાં પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ : આરોગ્યતંત્ર

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના પેથાપુર ખાતે આવેલ સ્વપ્નવિલા સોસાયટીમાં આજે ઝાડા-ઉલ્ટીના વધુ બે કેસ નોંધાયા છે.

તંત્રની ટીમોએ આજે બીજા દિવસે પણ સર્વેલન્સની કામગીરી ચાલુ રાખી હતી. આ ઝાડા-ઉલ્ટીના સાદા કેસો હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે અને પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે. પરિસ્થિતિ એકાદ દિવસમાં જ સામાન્ય થઈ જશે. તંત્રની ટીમોએ સર્વેલન્સ દરમ્યાન ઓ.આર.એસ.ના પેકટ્સ અને પાણીના ક્લોરીનેશન માટે ગોળીઓ આપી હતી.

# ઉવારસદ ગામે રેશનિંગના સરકારી અનાજનો વેપલો કરતાં ઈસમો ઝડપાયા

### પુરવઠા ટીમ દ્વારા અનાજ અને લોડીંગ રીક્ષા મળીને કુલ દોઢ લાખ રૂપિયાનો મુદ્દામાલ સીઝ કરવામાં આવેલ છે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર, અમદાવાદ અને તેની આસપાસના જિલ્લાઓના કેટલાક ગામો આર્થિક રીતે સદ્ધર છે. અહીંના રેશનકાર્ડધારકો કન્ટ્રોલની દુકાનેથી મફતમાં મળતું અનાજ બજારભાવ કરતાં ઓછા ભાવે આસપાસના વેપારીઓને વેચી દઈ રોકડી કરી લેતાં હોવાની લોકચર્ચાએ જોર પકડ્યું છે. કોઈનું વ્યક્તિગત નુકશાન થતું ન હોવાથી ગામમાં એકબીજાની શરમે કોઈ ફરીયાદ કરતું નથી. પરંતુ તાજેતરમાં ગાંધીનગર તાલુકાના ઉવારસદ ગામે સરકારી અનાજનો વેપલો કરતાં ઈસમોને વહીવટીતંત્રએ સમય સૂચકતા વાપરી ઝડપી પાડ્યાં હોવાનો કીસ્સો ધ્યાને આવેલ છે.

ગત શુક્રવારે સવારે ઉવારસદ ગામમાં આવી સરકારી અનાજ સસ્તા ભાવે ખરીદતાં બે ઈસમોને ગામના સરપંચે ઝડપી લીધેલાં અને તેમને રોકી રાખી મામલતદાર ગાંધીનગર હરેશકુમાર પટેલને તેની જાણ કરેલી. મામલતદારે તાત્કાલિક ધોરણે નાયબ મામલતદાર પુરવઠા અધિકારી ગૌરાંકકુમાર ડોડીયા અને પુરવઠા ટીમને સ્થળ ઉપર મોકલી સમગ્ર ઘટનાની ઉંડી તપાસ કરાવેલ. ઝડપાયેલા ઈસમો પાસેથી અનાજનું કોઈ વેચાણ બીલ કે ટ્રાન્સપોર્ટ પાસ મળી આવેલ નહીં. અંતે તેમણે સ્વીકારેલ કે તેઓ ઉવારસદ સહીતના આસપાસના ગામોમાંથી પંદરથી વીસ રૂપિયે કીલોના ભાવે સરકારી મફતમાં અપાતું અનાજ ખરીદતાં હતાં અને તેને તા. કડી, જિ. મહેસાણા ખાતે આવેલી રાઈસ મીલોમાં નફો લઈને વેચી દેતાં હતાં. આ ઈસમો માણસા તાલુકાના સ્લમ વિસ્તારના રહેવાસી છે. આ વિસ્તારમાંથી લોડીંગ રીક્ષાઓ લઈને ઘણાં લોકો આ રીતે સરકારી અનાજનો વેપલો કરી રહેલ હોવાની ચોંકાવનારી હકીકત પણ તપાસમાં સામે આવેલ છે.

પુરવઠા ટીમ દ્વારા અનાજ અને લોડીંગ રીક્ષા મળીને કુલ દોઢ લાખ રૂપિયાનો મુદ્દામાલ સીઝ કરવામાં આવેલ છે અને અનાજનું સેમ્પલીંગ કરી વધુ ચકાસણી માટે આગળ મોકલી આપવામાં આવેલ છે. આ સમગ્ર ઘટનામાં ઉવારસદ ગામના કન્ટ્રોલની દુકાનના સંચાલક પણ શંકાના દાયરામાં છે તથા વિગતવાર તપાસણી અહેવાલ જિલ્લા પુરવઠા અધિકારીને મોકલવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
Pidilite Roff
Birla White
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com